ગુજરાત સરકાર અને ભારત સરકાર શિક્ષણ માટે કેટલી રકમ ફાળવે છે. કયાકયા વિભાગો (પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર, ટેકનિકલ, ઉચ્ચ શિક્ષણ વગેરે) માં કેટલી મૂડી ખર્ચે છે તેનો અભ્યાસ ઔધોગિક ક્ષેત્રે બજેટમાં ઉધોગો (મેન્યુફેકચરીગ, MSME (Micro, small medium), સ્ટાર્ટઅપ, ટેકનોલોજી, રોજગાર વિકાસ, ઇન્ફ્રાસ્ટ્રકચર વગેરે માટે કેટલી રકમ ગુજરાત અને ભારતસરકારફાળવે છે તેનો અભ્યાસ. બંને સરકારોએ ફાળવેલા બજેટની સમાનતા, ફરક, પ્રાથમિકતાઓ, લાભ અને પડકારોની તુલના. ગુજરાત સરકાર શિક્ષણ માટે વધારે ટકા ફાળવે છે. અને ભારત સરકાર ઔધોગિક ક્ષેત્રે થોડું વધારે ટકા ફાળવે છે.

આ વિષય પસંદ કરવા માટેનો હેતુ એ હતો કે મારે જાતે જ શાળાનું બજેટ બનાવતા શીખવું હતું. આપણી શાળા વધારને વધારે પ્રગતિ કરે, વિધાર્થીઓ દેશના ભાવિ ઘડવૈયા છે તો એમનો પણ સારો વિકાસ થાય તે હેતુથી આ વિષય પંસદ કર્યો. રાજય અને રાષ્ટ્રીય સ્તરે શિક્ષણ અને ઉધોગોના વિકાસમાં કેટલો તફાવત છે, કઇ સરકાર કયા ક્ષેત્ર પર વધુ ભાર મૂકે છે, અને તેના પરિણામે સમાજમાં કયા પ્રકારના પરિવર્તન આવે છે. સાથે જ શાળાના બજેટનો અભ્યાસ કરવા કે શિક્ષણ ક્ષેત્રે કેટલી રકમ ખર્ચાય છે અને તે શિક્ષણની ગુણવત્તા વધારવામાં કેટલું મદદરૂપ બને છે તે સમજવામાં મદદ કરે છે. આ પ્રોજેકટ દ્વારા વિધાર્થીઓને પણ ખબર પડે કે સરકાર કેવી રીતે શિક્ષણ અને ઉધોગોમાં રૂપિયા ખર્ચે છે, વિધાર્થીઓને બજેટ એટલે શું? ખબરપડે, જેથી વિધાર્થીઓને વાસ્તવિક જીવનસાથે જોડાયેલી નીતિઓ સમજાય, આર્થિક જ્ઞાન વધે અને દેશના વિકાસમાં શિક્ષણ તથા ઉધોગોની ઝાંખી સમજાય.

**સંશોધનમાટે કયા નમૂનાપસંદ કરવામાં આવ્યા છે? :**

- ગુજરાત સરકાર અને ભારત સરકારના ૨૫-૨૬ના બજેટ દસ્તાવેજનો અભ્યાસ કર્યો.
- શિક્ષણ અને ઉધોગ ક્ષેત્રે ફાળવેલ રકમોની તુલનાકરી.
- માહિતી ઇન્ટનેટ, અખબાર દ્વારા મેળવી.

**જયાં સમસ્યા ત્યાં સંયોજન અને જયાં સંશોધન ત્યાં સુધારો**

**સંશોધનમાટે કઇ પધ્ધતિનો ઉપયોગ કર્યો? :**

- સરકારી વેબ સાઇટ **https://budget.gujarat.gov.in** **https://Indiabudject.gov.in**
- શિક્ષણ અને ઉધોગ ક્ષેત્રના બજેટને સરખાવ્યું
- બંને ક્ષેત્રે સરકારોની પ્રાથમિકતાઓ, પ્રગતિ અને અભિગમ પર તારણ કાઢયું.
- શાળાના આવક જાવકના હિસાબો પરથી કસોટી દ્વારા ચકાસણી
- શાળાનાબજેટની પ્રશ્નાવલિ
- શિક્ષકો માટે પોતાનાબજેટની પ્રશ્નાવલી
- વિધાર્થીઓ માટે બે ટીમ બનાવી કવિઝ
- નાના વિધાથીઓને બજેટ પરshort story
- શિક્ષકો અને વિધાર્થીઓમાં બે ટીમ શિક્ષણ અને ઉધોગોનાબજેટની સમાનતા/તફાવત
- જેથી આપણે પણ આપણું પોતાનું બજેટ બનાવવું જોઇએ, શાળામાં પણ વિધાર્થીઓને અવનવા ફલોચાર્ટ, ગ્રાફ, શાળાની જ વિજ્ઞાન મેળાની, પ્રોજેકટ પ્રદર્શનના ખર્ચ દ્વારાબજેટ શીખવુંજોઇએ.
- **ભાવિ સંશોધનમાટેના સૂચનોઃ**

**સમય કયારેય દેખાતો નથી, પણ ઘણું બધું દેખાડી દે છે.**

**શિક્ષણ ક્ષેત્રે :**

- ઓનલાઇન શિક્ષણ, VR/AR આધારિત લર્નિંગ અને E-libraries માટે ફાળવણી વધારવી
- મિડલ અને હાઇસ્કૂલના વિધાર્થીઓ માટે Vocational & Skillbased programs માટે નાણા ફાળવવા
- શિક્ષકો માટે નવી ટેકનોલોજી અને આધુનિક પધ્ધતિઓમાં તાલીમ માટે બજેટ વધારવું
- યુનિવર્સિટી અને કોલેજોમાં રિસર્ચ પ્રોજેકટ્સ અને સ્ટાર્ટઅપ માટે વિશેષ ફંડ ઉપલ્લબ્ધ કરાવવું
- આપણા ગુજરાત રાજયનો શિક્ષણમાં ૧૮ ક્રમે આવે છે. તો આપણે સૌ ભેગા મળીને આ આંકને સુધારવામાં પ્રયત્નકરીએ.
- આપણા દેશમાં પ્રથમ ક્રમે મિઝોરમ રાજયનો પ્રથમ ક્રમે આવે છે. જેમાં ૯૮.૨% સાક્ષરતા છે, પહેલા અત્યાર સુધી કેરળમાં પ્રથમ ક્રમે હતો જેમાંહવે ૯૬% સાક્ષરતા છે.

**ઔધોગિક ક્ષેત્રે :** • Startup & MSME support માટેસબસિડી વધારવી.

પર્યાવરણને ધ્યાનમાં રાખી renewable energy, recycling અને eco-friendly industries માટે રોકાણ વધારવુ.